

કોર્પોરેશન દ્વારા શહેરને સુંદર બનાવવાનો પ્રયાસ ચાલી રહ્યો છે. પણ સેક્ટર-૬ના ચારેય ખૂણે અનઅધિકૃત રીતે સ્થાપિત ઝુંપડપટ્ટી, ગંદકી નજરે દેખાય છે, છતાં કોઈનો અવાજ સાંભળવામાં આવતો નથી. સેક્ટર-૬ વાસીઓ રાહ જોઈ રહ્યા છે, ક્યારે સારો દિવસ આવશે જ્યારે આ બધા દૂષણો દૂર થશે ? (તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર આર.આર.સેલ રેન્જ સ્કવોડે નાસતો ફરતો આરોપીને ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા. ૨૮

કડી તાલુકાના વડાવીમાં રહેતા ઈસમે થોડા સમય અગાઉ નજીકની જ એક સગીરાને લલચાવી ફોસલાવી ભગાડી ગયો હોવાની સગીરાના પિતા તે ફરિયાદ કરી હતી જેથી આર.આર. સેલ ગાંધીનગર રેન્જ સ્કવોડની ટીમે આજે ભોગ બનનાર અને આરોપીને વલસાડ મુકામેથી ઝડપી લઈ વધુ કાર્યવાહી હાથ ધરી છે.

કડી તાલુકાના વડાવી મકામે રહેતો અને મુળ જૂનાગઢનો હિતેષ પરષોત્તમભાઈ વિરાણીએ બે માસ અગાઉ નજીકની જ એ ૧૭ વર્ષીય સગીરાને લલચાવી ફોસલાવી વાલીપણામાં લઈ ભગાડી ગયો હતો જે બનાવ અંગે મહેસાણાના બાવલુ પોલીસ મથકમાં સગીરાના પિતા ફરિયાદ નોંધાવી હતી. આ કેસ મામલે ગાંધીનગર રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક એ.આર.આર. સેલ ગાંધીનગરને સૂચના આપતા ટીમે હકીકતના આધારે આરોપીની તપાસ હાથ ધરી હતી. દરમિયાન સુરત મુકામેથી આરોપીના પિતા મળી આવતા પુછપરછ તથા તપાસ કરતા આરોપી અને ભોગ બનનારને વલસાડ મુકામેથી મળી આવ્યા હતા. આથી મહિલા પોલીસ સાથે રાખી આરોપી તથા ભોગ બનનારને મહેસાણા સી.પી.આઈ.ને સોંપવામાં આવ્યો છે.

નગરમાં હર તરફ નવીનીકરણ શરૂ થઈ ગયું છે. તંત્ર દ્વારા શહેરને નવા આયામ તરફ લઈ જવાની જોરદાર મહેનત ચાલુ છે. ટેલીફોન ખાતા દ્વારા પણ જૂના કેબલ હટાવી નવા કેબલ નાંખી 'દૂરભાષ' વધુ સારી રીતે કાર્ય કરી શકે તે માટે પ્રયત્નો ચાલી રહ્યા છે. (તસવીર : કશ્યપ નિમાવત)

પાલજમાં બે સંતાનોનાં પિતાએ ગળે ફાંસો ખાઈ લીધો...!

પંખે સાડી બાંધીને આપઘાત કરી લીધા બાદ પોલીસને ન્હાવા જતાં પડી ગયાની વર્ધી લખાઈ : ગળામાં નિશાન દેખાતાં સાચો મામલો બહાર આવ્યો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર નજીક સ્થિત નવા પાલજ વિસ્તારમાં રહેતા બે સંતાનનાં પિતા ન્હાવા જતા પડી ગયા હોવાની વર્ધી ચિલોડા પોલીસમાં નોંધાતા પોલીસ હોસ્પિટલ પહોંચી ગઈ હતી ત્યાં યુવાન મોતને ભેટી ચુકયો હતો. તેના ગળે નિશાન દેખાતા બહાર આવ્યું કે પોતાના ઘરે કોઈ કારણોસર પંખે સાડી બાંધીને ગળે ફાંસો ખાઈ તેણે આપઘાત કર્યો હતો. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

નવા પાલજ ગામમાં રહેતા અને ગાંધીનગર શહેરના સે-૨૬ જીઆઈડીસી ખાતે નોકરી કરતાં ૩૦ વર્ષીય પરિણીત યુવાન સતિષ જીવાભાઈ રાવળને બે સંતાનો છે. ગઈ કાલે ગંભીર હાલતમાં તેને ઘરથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો અને હોસ્પિટલમાંથી ચિલોડા પોલીસ સ્ટેશનમાં વર્ધી આપવામાં આવી કે ન્હાવા જતાં પડી ગયા છે. હોસ્પિટલમાં તેનું મૃત્યુ થઈ ગયું અને પોલીસે પહોંચીને જોયું તો ગળાના ભાગે ઉઝરડા જેવા નિશાન હતાં. પોસ્ટ મોર્ટમ માટે મૃતદેહ મોકલી પરિવારજનોને પુછતા બહાર આવ્યું કે કોઈ કારણોસર તેણે પોતાના ઘરે પંખે સાડી બાંધીને ગળે ફાંસો ખાઈ લીધો હતો. ચિલોડા પોલીસ મથકના જમાદાર દિલાવરખાને ગુનો દાખલ કરીને ઘટનાની ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

એસ.ઓ.જી.એ જાહેરનામા ભંગના વધુ પાંચ કેસ કર્યા

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર એસઓજી પી.આઈ. જે.ડી. બ્રહ્મભટ્ટની સુચનાથી તેમની ટીમ દ્વારા કલેકટરના જાહેરનામા ભંગના વધુ પાંચ કેસ કરવામાં આવ્યા છે. સરગાસણ ચોકડી પાસે અટારીયા કોમ્પ્લેક્ષમાં સીસીટીવી કેમેરા ન લગાડવા બદલ તથા કોર્પોરેશન બેંકમાં પણ કેમેરા ન લગાડવા બદલ તેના મેનેજર સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. તે ઉપરાંત લાયસન્સ વગર ચાલતી સરગાસણ સીમમાં સ્થિત નાગમણી રેસ્ટોરન્ટમાં કેસ કરી તેના માલિક સામે કાર્યવાહી કરવામાં આવી છે તો બીજી તરફ સીમ કાર્ડ વેચતા બે વેપારીઓ સામે રજીસ્ટર મેઈન્ટેઈન ન કરવા બદલ કાર્યવાહી કરવામાં આવી છે.

સે-૭માં સ્થિત મોબાઈલ સ્ટેશન અને સે-૬માં સ્થિત ચામુંડા એન્ટરપ્રાઈઝ બંને દુકાનોમાં દરોડા પાડી તેના સંચાલકો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

રક્તદાન મહાદાન

પોથીયાત્રા નીકળશે

ગાંધીનગર, તા. ૨૮

સેક્ટર-૨૮ શોપીંગ સેન્ટર સામે મેદાનમાં આજથી ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે રામકથા યોજાશે. કથાની પ્રથમ દિવસે પોથીયાત્રા બાબુભાઈ ચૌધરીના નિવાસસ્થાન પ્લોટ નં. ૩૭૬/૨, શાંતીકુંજથી વાજતે ગાજતે બપોરે ૧.૩૦ કલાકે નીકળી કથા સ્થળે પહોંચશે. પોથીયાત્રામાં ભક્તોને જોડાવા અને કથાનું શ્રવણ કરવા હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે.

સેક્ટર-૨૮ રામકથામાં આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

સેક્ટર-૨૮ અંબિકા મંડળ દ્વારા બહુચર માતાના આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. આનંદનો ગરબો રામકથા ખાતે આજે શનિવારે બપોરે ૨.૦૦ વાગે યોજાશે. ભક્તોને લાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

વૈષ્ણોદેવી પાસે કાર ડીવાઈડર પર ચઢી જતાં એકનું મૃત્યુ

મોડી રાત્રે અકસ્માત સર્જાયો : સોલા હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મૃત્યુ

ગાંધીનગર, તા. ૨૮

અમદાવાદના બોપલ વિસ્તારમાં રહેતા આધેડ ગઈ મોડી રાત્રે વૈષ્ણોદેવી સર્કલ પાસેથી ગેટ્સ કાર લઈને જઈ રહ્યા હતા તે દરમ્યાન અચાનક સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવી દેતા તેમની કાર ડીવીડર પર ચઢી ગઈ હતી અને ગંભીર રીતે ઘવાયા હતા. સોલા સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયેલા આધેડનું સારવાર દરમ્યાન કરૂણ મૃત્યુ નિપજ્યું છે. અડાલજ પોલીસે આ બનાવ અંગે વધુ તપાસ શરૂ કરી છે.

અમદાવાદના બોપલ વિસ્તારમાં રહેતા સતિષભાઈ રામકૃષ્ણભાઈ દેશપાંડે ગઈ રાત્રે પોતાની હ્યુન્ડાઈ ગેટ્સ ગાડી નં. જીજે-૧-એચ.ક્યુ-૭૭૫૮ લઈને સરખેજ-ગાંધીનગર હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે વૈષ્ણોદેવી સર્કલ નજીક ડીવાઈડર પર કાર ચઢી ગઈ હતી. આધેડ કાર ચાલકે કોઈ કારણોસર સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દેતા કાર ડીવાઈડર પર ચઢી જતાં તે ગંભીર રીતે ઘવાયા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને તાત્કાલીક સોલા સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તેમનું સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યું હતું. આધેડના દિકરા વિનિત દેશપાંડેની ફરીયાદને આધારે અડાલજ પોલીસે ગુનો દાખલ કરીને ગુનાની ઉંડી તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરમાં કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરીના સન્માનનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર જિલ્લા-શહેર અને અમદાવાદ શહેર આયોજિત કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં ચૌધરી સમાજ હાજર રહેશે

ગાંધીનગર, તા. ૨૮

કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી શ્રી હરિભાઈ ચૌધરીનું શ્રી જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય, ગાંધીનગર ખાતે તા. ૩૦-૧૧-૨૦૧૪ ને રવિવારે સવારે ૧૦.૦૦ કલાકે વિશિષ્ઠ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યુ ંછે. ગાંધીનગર જિલ્લા-શહેર અને અમદાવાદ શહેર આયોજિત ચૌધરી સમાજના આ સમારોહમાં સમગ્ર ભારતમાં આંજણા-ચૌધરી સમાજના સૌ પ્રથમ કેન્દ્રીય ગૃહરાજ્યમંત્રી જેવી અગત્યની અને મહત્વની જવાબદારી મળેલ છે. જેથી સમગ્ર ચૌધરી સમાજનું ગૌરવ વધ્યું છે.

આ સમારોહમાં વિશેષ અતિથિ તરીકે શહેરી ગૃહ નિર્માણ રાજ્યમંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી, દૂધસાગર ડેરીના ચેરમેન શ્રી વિપુલભાઈ ચૌધરી, વરિષ્ઠ સાહિત્યકાર શ્રી રઘુવીરભાઈ ચૌધરી, અખીલ ભારતીય આંજણા મહાસભાના સંરક્ષક શ્રી હરિભાઈ વી. ચૌધરી, વરિષ્ઠ પત્રકાર શ્રી દેવેન્દ્રભાઈ પટેલ, માણસાના ધારાસભ્ય શ્રી અમીતભાઈ ચૌધરી, જળસંચય સમિતિના ચેરમેન શ્રી ગણેશભાઈ ચૌધરી, આંજણા કેળવણી મંડળ ગાંધીનગરના પ્રમુખ શ્રી એમ. કે. ચૌધરી ઉપસ્થિત રહેશે.

ગાંધીનગર મહાનગરપાલિકાના કોર્પોરેટર શ્રી શંકરભાઈ ચૌધરી અને ગાંધીનગર જિલ્લા ભાજપના ઉપપ્રમુખ શ્રી જયેશભાઈ ચૌધરીએ જણાવ્યું છે કે, કેન્દ્રીય ગૃહરાજ્યમંત્રી શ્રી હરીભાઈ ચૌધરીના આ વિશિષ્ઠ સન્માન સમારોહમાં ગાંધીનગર-અમદાવાદની શૈક્ષણિક સંસ્થાઓ, યુવા મંડળ અને સમાજના સેવા મંડળ સહિત ગાંધીનગર જિલ્લા-શહેર અને અમદાવાદ શહેરના ચૌધરી સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

ગુજરાત અનુ. જાતિ અતિપછાત વિકાસના અધ્યક્ષ તરીકે પ્રવિણ પંડ્યાએ ગાંધીનગર ખાતેની કચેરી ખાતે પદગ્રહણ કર્યું હતું. આ ટાણે દસાડા પાટડીના ધારાસભ્ય અને પૂર્વ અધ્યક્ષ પુનમભાઈ મકવાણા, રાજ્યના સિનિયર કેબીનેટ મંત્રી રમણલાલ વોરા અને અનુ. જાતિ કર્ણાવતી શહેરના મંત્રી મુકેશ શ્રીમાળીએ પુષ્પમાળા પહેરાવી શુભેચ્છા પાઠવી હતી.

આરટીઓ દ્વારા દ્વી ચક્રી વાહન ચાલકો માટે નવી સીરીઝ શરૂ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર આરટીઓ કચેરીમાં મોટર સાઈકલની ચાલુ સીરીઝ જીજે-૧૮-સીએ, ટુંક સમમયાં પુરી થઈ જશે. અને નવી સીરીઝ જીજે-૧૮-સીજે નવી સીરીઝ તા. ૧૦ ડિસેમ્બરથી શરૂ કરવામાં આવનાર છે. પસંદગીનો નંબર મેળવવા માટે અરજદારોને જણાવાવમાં આવ્યું છે.

ગાંધીનગર સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ જણાવ્યુ છે કે મોટર સાઈકલ માટે હાલમાં જીજે-૧૮-સીએ સીરીઝ ચાલી રહી છે અને તે પુરી થવામાં આવી છે. ત્યારે આગામી તા. ૧૦ ડિસેમ્બરથી નવી સીરીઝ જીજે-૧૮-સીજે શરૂ કરવામાં આવશે. પસંદગીનો નંબર મેળવવા મોટરસાઈકલ માલીકોએ તા. ૧૮ એ ૧૯ ડિસેમ્બરના રોજ કચેરીમાં અરજી કરવાની રહેશે.

પસંદગીનો નંબર મેળવવા માગતા અરજદારોએ નિયત ફી પેટે રૂ. ૧૦૦૦ કે તેથી વધુ રકમનો નેશનલ બેંકનો ડીમાન્ડ ડ્રાફ્ટ બંધ કવરમાં રજુ કરવાનો રહેશે. ત્યાર બાદ હરાજીની પ્રક્રિયા તા. ૨૦ ડિસેમ્બરના રોજ હાથ ધરવામાં આવશે. અને નંબર ફાળવણીનું લીસ્ટ તા. ૨૨ ડિસેમ્બરના રોજ કચેરીના નોટીસ બોર્ડ પર લગાવવામાં આવશે.

ડૉક્ટરેટની પદવી મેળવી

ગાંધીનગર, તા. ૨૮

ઊંટેશ્વરી સંમિલિતાલયમ્ સંસ્થાના નિયામક ગીરીશ સંત્યાગોએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પ્રિ. ડૉ. જયેશ બારોટના માર્ગદર્શન હેઠળ 'વિકલાંગ બાળકોના સમિલિત શિક્ષણમાં પ્રોત્સાહન અને અમલીકરણ માટે ગુજરાતની ખ્રિસ્તી ધર્મની શૈક્ષણિક સંસ્થાઓની ભૂમિકા' વિષય પર સંશોધન કર્યું છે. મહાનિંબધને ઉત્તર ગુજરાત યુનિવર્સિટીએ માન્ય રાખી પીએચડી પદવી એનાયત કરી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૪
સૂર્યાસ્ત : ૫.૫૨

તાપમાન

મહત્તમ : ૩૨.૪ ડિ.સે.
લઘુત્તમ : ૧૩.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૬ ટકા ● સાંજે ૪૨ ટકા

મનોરંજન

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હેપ્પી એન્ડીંગ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સ્ક્રીન-૨ :
ટીટ્રો એમ.બી.એ. : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
કિલ/દીલ : ૪.૧૫

સ્ક્રીન-૩ :
મની બેક ગેરન્ટી : ૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦
કિલ/દીલ : ૧. ૦૦, ૧૦.૦૦

સિનેમેક્સ,

: સ્ક્રીન-૧ :
ઉંગલી : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૧૦, ૫.૪૫, ૧૦.૪૫
ધ હંગર ગેમ મોકીંગજય પાર્ટ-૧ (અંગ્રેજી) : ૮.૨૦

: સ્ક્રીન-૨ :
ઉડી પેન્જીયસ : માડાગાસ્કર (અંગ્રેજી) : ૧૦.૧૦, ૧૨.૨૫, ૬.૦૦, ૮.૧૫
ધ હંગર ગેમ મોકીંગજય પાર્ટ-૧ (અંગ્રેજી) : ૧૦.૩૦
ઈન્ટરસ્ટેલર (અંગ્રેજી) : ૨.૪૦

સ્ક્રીન-૩ :
ધ હંગર ગેમ મોકીંગજય પાર્ટ-૧ (અંગ્રેજી) : ૯.૧૫, ૧૨.૦૫, ૨.૪૫
જીદ : ૫.૨૫, ૧૦.૫૫
ઝેડ પ્લસ : ૮.૦૫

સ્ક્રીન-૪ :
ઉંગલી : ૯.૦૦, ૪.૧૫, ૭.૨૦, ૯.૫૫
જીદ : ૧૧.૩૦
હેપ્પી એન્ડીંગ : ૨.૦૦

આપની આજ

મેષ : વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાયક યોગ. રોગ, ઋણ, શત્રુ સંબંધી કાર્યોમાં ખર્ચ, પ્રવાસનું આયોજન થશે.

વૃષભ : પર્યટન આમોદ-પ્રમોદના વિશિષ્ટ યોગ બની રહ્યો છે. કોર્ટ-કચેરીમાં વિજય મેળવી શકશો. શત્રુ પરાસ્ત થશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રોથી મહત્વપૂર્ણ લાભ પ્રાપ્તિનો યોગ.

મિથુન : સામાજિક સમ્માન તમારી ચિંતાઓને દૂર કરશે. અવસર હિતકર થશે. બહુપ્રતીક્ષિત ઈચ્છાઓની પૂર્તિ થઈ શકશે. ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકશે. આર્થિક કાર્યોમાં વિશેષ યાત્રા પ્રવાસ ગોઠવાશે.

કર્ક : ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વધારો થશે. આર્થિક રોકાણ સમજ પૂર્વક કરવું.

સિંહ : વાહન સુખની પ્રાપ્તિ થઈ શકશે. સામાજિક કાર્યોમાં યશ અને સન્માનમાં વધારો થશે. વ્યાપાર સારો ચાલશે. આરોગ્ય તરફ બેદરકાર ન રહેવું. શત્રુ પરાસ્ત થશે, વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો વિશેષ યોગ.

કન્યા : સામાજિક સમસ્યાઓમાં સહયોગ કરવો પડશે. મિત્રો અને કુટુંબની સભ્યોનો સાથ સહકારથી કાર્યમાં પ્રગતિ થઈ શકશે. કૌટુંબિક સુખથી મન પ્રસન્ન રહેશે. વિનમ્રતા અને સામંજસ્યથી કામ કરવું પડશે.

તુલા : કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. તેને તેનું આયોજન થશે. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધનો યોગ બને છે.

વૃશ્ચિક : સામાજિક કાર્યોથી યશ અને સન્માન પ્રાપ્ત થશે. આર્થિક ક્ષેત્રમાં સમસ્યાઓ ઉભી થવાની સંભાવનાઓ છે. નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. ખાનપાનમાં સંયમ રાખવું. ઉચ્ચસ્તરીય સન્માન પ્રાપ્ત થઈ શકે છે.

ધન : માનસિક સંતોષ પ્રસન્નતા અપાવશે. વિચારેલા કાર્ય આજે પૂર્ણ થઈ શકે છે. શારીરિક સુખ પ્રાપ્તિ થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન-સન્માન, પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે. સંચિત ધનમાં વૃદ્ધિ થવાની શકયતાઓ છે.

મકર : આપ પોતાની બુદ્ધિ બળે કાર્યમાં વૃદ્ધિ થઈ શકશે. શત્રુઓથી હાનિ થવાની સંભાવનાઓ છે. કાયદાકીય બાબતોમાં આપને સફળતા પ્રાપ્ત થઈ શકશે.

કુંભ : વ્યવસાયમાં પ્રગતિ થશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થવાની સંભાવના છે. જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે. ધ્યાન, સમાધિ, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્ય થઈ શકશે. આર્થિકક્ષેત્રમાં સમસ્યાઓનો યોગ.

મીન : વિચારેલા કાર્ય પૂર્ણ થશે. સંચિત ધન વૃદ્ધિનો યોગ. માનસિક શાંતિ જાળવી રાખવી. નવા સંબંધો બંધાશે. ઘરમાં મહેમાન આવી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં દિવસ મધ્યમ રહેશે. મિત્રોનો સહકાર મળી રહેશે.

ચિરવિદાય

- સ્વ. કંચનબેન ચંદુલાલ મોદી (ઉ.વ.૭૫) મુ. વાવોલ, હરીનગર, તા.જી. ગાંધીનગર
- સ્વ. મણાજી રામસંગજી ઠાકોર (ઉ.વ.૭૫) ગામ - શિહોલી મોટી, તા.જી. ગાંધીનગર
- સ્વ. મણાભાઈ સોમાભાઈ પ્રજાપતિ (ઉ.વ.૬૨) મુ. રાજપુરા, તા. માણસા, જી. ગાંધીનગર
- સ્વ. કાળીબેન ડુંગાજી વણઝારા (ઉ.વ.૯૦) ગામ - બોરીજ, સરકીટ હાઉસ પાછળ, ગાંધીનગર
- સ્વ. પ્રેમા બિમલ ગીલદયાલ (ઉ.વ.૬૮) એ/૬૦૧, પ્રમુખ, શિગ્નેચર, રાયસણ, તા.જી. ગાંધીનગર